**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૨૮.૦° સે. | ૨૬.૦° સે. |
| આહવા | ૨૬.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૨૭.૦° સે. | ૨૬.૦° સે. |
| વાપી | ૨૭.૦° સે. | ૨૬.૦° સે. |

# નવસારીમાં મેઘતાંડવ: 16 કલાકમાં પોણા 15 ઈંચ વરસાદ

**પૂર્ણા** ભયજનક સપાટીથી 4 ફૂટ ઉપર, શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર, 143 માર્ગો બંધ, નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ અને સ્થળાંતર વચ્ચે ફરી ઉઠ્યા વરસાદી આયોજનના પ્રશ્નો



નવસારીઃ છેલ્લા 16 કલાકમાં પડેલા અતિવૃષ્ટિ સમાન વરસાદે નવસારી જિલ્લાને જાણે થંભાવી દીધો છે. નવસારી તાલુકામાં 375 મી.મી. (14.76 ઈંચ) વરસાદ નોંધાયો છે, જે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ છે. જ્યારે જલાલપોરમાં 271 મી.મી. (10.67 ઈંચ), ગણદેવીમાં 190 મી.મી. (7.48 ઈંચ), ચીખલીમાં 177 મી.મી. (6.97 ઈંચ), વાંસદામાં 166 મી.મી. (6.54 ઈંચ) અને ખેરગામમાં 125 મી.મી. (4.92 ઈંચ) વરસાદ નોંધાતા સમગ્ર જિલ્લાનું જનજીવન અભૂતપૂર્વ રીતે પ્રભાવિત બન્યું છે.

ભારે વરસાદની સૌથી વધુ અસર નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં જોવા મળી રહી છે. લુન્સીકૂઈ, કુંભારવાડ, કાછિયાવાડી, વિજલપોર, આશાબાગ, ધર્મિનનગર, ભેંસતખાડા, કામેલા રોડ, રીંગ રોડ, મિથિલા નગરી, શાંતાદેવી રોડ, બંદર રોડ, રાયચંદ રોડ, તાસ્કંદ નગર અને રેલ રાહત કોલોની સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ઘૂસી જતાં અનેક ઘરો, દુકાનો અને સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. કેટલાક વિસ્તારોમાં લોકો હજુ પણ પોતાના ઘરોમાંથી પાણી કાઢવા અને ઘરવખરી બચાવવા માટે મથામણ કરી રહ્યા છે.

### આજે વલસાડ, નવસારી જિલ્લામાં શૈક્ષણિક કાર્ય બંધ

વલસાડઃ વલસાડ અને નવસારી જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદના પગલે આવાગમનની મુશ્કેલી, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પરિસ્થિતિના પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને મુશ્કેલીનો સામનો ન કરવો પડે એ વાતને કેન્દ્રમાં રાખી વહીવટી તંત્ર તરફથી આવતી કાલે, બુધવારે શહેરની તમામ શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

વરસાદના કારણે જિલ્લાના માર્ગ વ્યવસ્થાને પણ મોટો ફટકો પડ્યો છે. સુરક્ષાના હેતુસર 143 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. ચીખલીમાં સૌથી વધુ 43 માર્ગો, જ્યારે નવસારી અને વાંસદામાં 26-26, ગણદેવીમાં 20, જલાલપોરમાં 18 અને ખેરગામમાં 10 માર્ગો હાલ બંધ છે. કેટલાક ગામોનો સંપર્ક ખોરવાઈ ગયો છે. સુપા-પેરા, ડાંભર-સાલેજ, વિજલપોર ફાટક, ઘેલખડી સહિતના માર્ગો બંધ થતાં લોકોને લાંબા વૈકલ્પિક માર્ગો અપનાવવા પડી રહ્યા છે, જ્યારે ટેકનિકલ સ્કૂલ-વલ્લભ એસ્ટેટ માર્ગ બંધ થતાં સિંધી કેમ્પ વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ભારે વરસાદને કારણે નેશનલ હાઈવેના કેટલાક ભાગોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં વાહનોની લાંબી કતારો લાગી હતી અને કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાતાં મુસાફરો ભારે હાલાકી ભોગવવા મજબૂર બન્યા હતા. નવસારીની જીવનદોરી ગણાતી પૂર્ણા નદીની સપાટી મંગળવારે રાત્રિના 10 વાગ્યે 27 ફૂટે પહોંચી ગઈ છે, જે 23 ફૂટની ભયજનક સપાટીથી 4 ફૂટ વધુ છે. ઉપરવાસમાં સતત વરસાદને કારણે પાણીની આવક યથાવત હોવાથી નદીકાંઠાના વિસ્તારોમાં ચિંતા વધી રહી છે. જિલ્લા વહીવટીતંત્રે અત્યાર સુધીમાં 1,145 લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરાવ્યા છે અને આશ્રયસ્થાનોમાં ભોજન, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્ય તપાસ સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરી છે. આ વરસાદે માત્ર કુદરતની તાકાત જ નહીં, પરંતુ શહેરના વરસાદી આયોજન સામે પણ ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. પ્રથમ જ ભારે વરસાદમાં કાછિયાવાડી પુલમાં તિરાડો દેખાવા, ચંદન તળાવ ઓવરફ્લો થતાં વિજલપોરમાં પાણી ઘૂસવું, મહુવર, સર્વોદયનગર, રેલ રાહત કોલોની, આશાબાગ સહિતના વિસ્તારોમાં વારંવાર પાણી ભરાવું, મુખ્ય માર્ગો બંધ થવા અને નેશનલ હાઈવે પર ટ્રાફિક ઠપ્પ થવાની સ્થિતિ એ દર્શાવે છે કે વરસાદી પાણીના નિકાલ, શહેરી ડ્રેનેજ અને પૂર નિયંત્રણ માટે લાંબા ગાળાના અસરકારક આયોજનની જરૂરિયાત આજે પહેલાં કરતાં વધુ સ્પષ્ટ બની છે.

હાલ જિલ્લા વહીવટીતંત્ર, મહાનગરપાલિકા, પોલીસ, ફાયર બ્રિગેડ, એનડીઆરએફ અને આરોગ્ય વિભાગની ટીમો સતત બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ્સનું વિતરણ, આરોગ્ય સેવાઓ, સ્થળાંતર અને સતત મોનિટરિંગની કામગીરી ચાલુ છે. નાગરિકોને અનાવશ્યક બહાર ન નીકળવા, પાણી ભરાયેલા માર્ગો અને કોઝવે પરથી પસાર ન થવા તેમજ માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. વરસાદ પર કોઈનું નિયંત્રણ નથી, પરંતુ વરસાદ માટેનું આયોજન ચોક્કસપણે માનવસર્જિત છે. જો દર વર્ષે એ જ વિસ્તારોમાં પાણી ભરાય, એ જ માર્ગો બંધ થાય, નેશનલ હાઈવે સુધી ટ્રાફિક ઠપ્પ થઈ જાય અને એ જ પરિવારોને વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

## નવસારીમાં બચાવ કામગીરી શરૂ: 4 હજાર ફૂડપેકેટનું વિતરણ



નવસારીઃ નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદ અને હવામાન વિભાગના રેડ એલર્ટ વચ્ચે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગયું છે. શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રાફિક કંટ્રોલ રૂમ અને મહાનગરપાલિકાના કંટ્રોલ રૂમમાંથી સીસીટીવી મારફતે શહેરના સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

પૂરગ્રસ્તોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે રામજી મંદિર ખાતે તૈયાર કરાયેલા આશરે 4,000 ફૂડ પેકેટ્સનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. સાથે જ નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતરિત કરી આશ્રયસ્થાનોમાં રહેવા, ભોજન, પીવાનું શુદ્ધ પાણી અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઉચ્ચ અધિકારીઓએ આશ્રયસ્થાનોની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાની સમીક્ષા પણ કરી હતી.

જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, અનાવશ્યક બહાર ન નીકળવા, સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અપીલ કરી છે. હાલ સમગ્ર વહીવટી તંત્ર વરસાદી પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખી રહ્યું છે.

## ડાંગની અંબિકા, ખાપરી, પૂર્ણા નદી બે કાંઠે, 18 કોઝવે પાણીમાં ગરક

**આહવાના** બીલમાડમાં કાચું મકાન ધરાશાયી, સૌથી વધુ વરસાદ 5.68 ઈંચ સુબીરમાં પડ્યો



સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સોમવારે રાત્રિથી મંગળવારે દિવસ દરમિયાન ધોધમાર વરસાદ પડ્યો હતો. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, સાકરપાતળ, વઘઈ, ભેંસકાતરી, ઝાવડા, કાલીબેલ, બરડીપાડા, સિંગાણા, લવચાલી, પીપલાઈદેવી,ગારખડી, સુબિર, ચીંચલી, આહવા, બોરખલ, ગલકુંડ સહિતના પંથકોમાં ક્યાંક મધ્યમ તો ક્યાંક સાંબેલાધાર વરસાદ પડતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી.

ડાંગ જિલ્લામાં ભારે વરસાદનાં પગલે અંબિકા, ગીરા, ખાપરી, પૂર્ણાં નદી ગાંડીતૂર બની બન્ને કાંઠે થઈ વહેતી થઈ હતી. જેનાં પગલે વહેલી સવારે ૧૮ જેટલા કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક થઈ જતા ૩૦થી વધુ ગામો જિલ્લાના વહીવટી મથકેથી સંપર્કવિહોણા બન્યાં હતાં.

જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદના કારણે આહવા તાલુકાના બિલમાળ ગામના ખોખરી ફળિયામાં સવારના સાત વાગ્યાના સમયે વાવાઝોડાના કારણે રાજુભાઈ મોહનભાઈ ભોયેનાં કાચા મકાનને નુકશાન થતા ઘર ધરાશાયી થયું હતુ. આ કાચા મકાનમાં ઘર વખરીને નુકસાન થયુ હતુ. ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન વઘઈ પંથકમાં 83 મિમી અર્થાત 3.32 ઈંચ, આહવા પંથકમાં 81 મિમી અર્થાત 3.24 ઈંચ,સાપુતારા પંથકમાં 97 મિમી અર્થાત 3.88 ઈંચ. જ્યારે સૌથી વધુ સુબિર પંથકમાં 142 મિમી અર્થાત 5.68 ઈંચ નોંધાયો હતો.

## ભારે વરસાદે નવસારીની રફ્તાર થંભાવી: અનેક મુખ્ય માર્ગો બંધ

**એક** રસ્તો સિંધી કેમ્પ તરફ ડાયવર્ટ કરાતાં ત્યાં ભારે ટ્રાફિકજામ

નવસારીઃ મૂશળધાર વરસાદે નવસારી શહેરના જનજીવનને પ્રભાવિત કર્યું છે. કુંભારવાડ, લુન્સીકૂઈ, કાછિયાવાડી સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં શહેરના મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રે લુન્સીકૂઈ, શાકભાજી માર્કેટ, ગણદેવી રોડ, ધર્મિનનગર, વિજલપોર વિઠ્ઠલ મંદિર વિસ્તાર, રેલ્વે સ્ટેશન પશ્ચિમથી વિજલપોર ફાટક જતો માર્ગ, રાધે પાર્કથી બાયપાસ થઈ ઘેલખડી જતો માર્ગ તેમજ ટેકનિકલ સ્કૂલ-વલ્લભ એસ્ટેટથી છાપરા જતો માર્ગ સહિત અનેક રસ્તાઓ વાહનવ્યવહાર માટે તાત્કાલિક બંધ કરી દીધા હતા.

ટેકનિકલ સ્કૂલ-વલ્લભ એસ્ટેટથી છાપરા જતો માર્ગ બંધ થતાં વાહનોને સિંધી કેમ્પ તરફથી ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. તેના કારણે સિંધી કેમ્પ વિસ્તારમાં લાંબા ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાયાં હતાં. વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને બંધ માર્ગો પરથી પસાર થવાનો પ્રયાસ ન કરવા, વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને અનિવાર્ય જરૂરિયાત સિવાય બહાર ન નીકળવાની અપીલ કરી છે.

### જલાલપોરના મહુવરના મુખ્ય માર્ગો જળબંબાકાર, રોજિંદું જીવન ખોરવાયું



નવસારીઃ જલાલપોર તાલુકાના મહુવર ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. વરસાદનું જોર વધતાં મહુવર કોળી સમાજની વાડી વિસ્તાર અને મહુવર-પોંસરા માર્ગ પર વરસાદી પાણી ફરી વળતાં સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો છે. મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વાહનોને ધીમી ગતિએ પસાર થવાની ફરજ પડી રહી છે, જ્યારે સ્થાનિકોની દૈનિક અવરજવર પણ પ્રભાવિત થઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે રહેવાસીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

### સીમલક-પરથાણ માર્ગ પાણીમાં ગરકાવ, અવરજવર બંધ



નવસારીઃ જલાલપોર તાલુકામાં સતત વરસાદને કારણે સીમલક ગામના મહાદેવજી ફળિયાથી નહેર માર્ગે પરથાણ ગામને જોડતો આંતરિક માર્ગ પાણીમાં ગરકાવ થતાં તાત્કાલિક અસરથી અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રએ નાગરિકોને આ માર્ગનો ઉપયોગ ન કરવા અને સલામત વૈકલ્પિક માર્ગ અપનાવવા અપીલ કરી છે.

## પ્રથમ વરસાદે જ કાછિયાવાડી પુલની પોલ ખોલી: તિરાડો દેખાતા ભ્રષ્ટાચારની આશંકા



નવસારીઃ નવસારી શહેરના કાછિયાવાડી વિસ્તારમાં આવેલા પુલમાં પહેલા ભારે વરસાદ બાદ તિરાડો દેખાતા વિકાસ કામોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા પુલમાં આટલી ઝડપથી તિરાડો પડતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. રહેવાસીઓનો આક્ષેપ છે કે કામમાં ગુણવત્તા સાથે ગંભીર બેદરકારી અથવા અનિયમિતતા થઈ હોવાની શંકા છે. પુલ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થતાં અકસ્માતનો ભય પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. સ્થાનિકોએ સમગ્ર કામની સ્વતંત્ર તકનિકી તપાસ કરાવી, જો કોઈ અનિયમિતતા સામે આવે તો જવાબદાર અધિકારીઓ, કોન્ટ્રાક્ટર અને સંબંધિત એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### ચંદન તળાવ છલકાતાં વિજલપોરમાં 250 ઘરોમાં પાણી ઘૂસ્યાં



નવસારીઃ સતત વરસી રહેલા ભારે વરસાદે વિજલપોરના અનેક વિસ્તારોમાં જનજીવનને અસર પહોંચાડી છે. ચંદન તળાવ ઓવરફ્લો થતાં ચંદનવન અને ભક્તિનગર સોસાયટીઓમાં વરસાદી પાણી ઘૂસી જતાં આશરે 250થી વધુ પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે. રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં અવરજવર ખોરવાઈ ગઈ છે, જ્યારે અનેક ઘરોમાં પાણી ભરાતાં રહેવાસીઓ ઘરવખરી અને કિંમતી સામાન સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ સમસ્યા નવી નથી. દર ચોમાસે ચંદન તળાવ ઓવરફ્લો થતાં આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે, છતાં વર્ષો વીતી ગયા બાદ પણ કાયમી ઉકેલ લાવવામાં સફળતા મળી નથી. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે અસરકારક આયોજનના અભાવે દર વર્ષે રહેવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે.

### નવસારીમાં ભારે વરસાદ વચ્ચે દીવાલ ધરાશાયી



નવસારીઃ નવસારીના શાંતાદેવી વિસ્તારમાં ચંદુ ગડારાની ફેક્ટરી નજીક ભારે વરસાદ વચ્ચે મંગળવારે બપોરે એક દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજા થઈ નથી, પરંતુ નજીકમાં પાર્ક કરેલી એક કારને નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સુરક્ષાના ભાગરૂપે બેરિકેટિંગ કરીને વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો હતો. ભારે વરસાદને કારણે જર્જરિત માળખાં જોખમી બનતાં તંત્રે નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

## વાંસદામાં ૪ ઈંચ; ખેડૂતો ડાંગરની રોપણીમાં જોતરાયા



**કાવેરી**-કાવેરો નદી બે કાંઠે, જૂજ-કેલિયા ડેમમાં નવાં નીરની આવક

વાંસદાઃ વાંસદા પંથક સહિત સમગ્ર વિસ્તારમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી બાદ સતત વરસી રહેલા વરસાદને કારણે ચોમાસું સંપૂર્ણ રીતે જામી ગયું છે. વાંસદા તેમજ ઉપરવાસમાં સતત વરસાદને પગલે કાવેરી અને કાવેરો બંને નદીઓમાં પાણીનો પ્રવાહ વધ્યો છે અને નદીઓ ભરપૂર સપાટીએ વહેતી જોવા મળી રહી છે. જૂજ અને કેલિયા ડેમમાં પણ પાણીની આવક શરૂ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદથી ખેતરોમાં પૂરતું પાણી ભરાઈ જતાં ખેડૂતો ડાંગરની રોપણીના કામમાં જોતરાઈ ગયા હતા. ખેતીલાયક અનુકૂળ વાતાવરણ સર્જાતા કૃષિ કામગીરીને વેગ મળ્યો છે. હવામાન અનુકૂળ રહેતા આગામી દિવસોમાં પણ ખેતીની કામગીરી વધુ ગતિ પકડે તેવી ખેડૂતો આશા વ્યક્ત કરી રહ્યા છે. સતત વરસાદના પગલે વાંસદા તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અંદાજે ૪ ઈંચ વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.



### આશાબાગમાં દુકાનોમાં પાણી ઘૂસતાં વેપારીઓ ચિંતીત

નવસારીઃ નવસારીના આશાબાગ વિસ્તારમાં મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર સહિત અનેક દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયું હતું. જેના કારણે દવાઓ અને અન્ય માલસામાનને નુકસાન થવાની ભીતિ વચ્ચે વેપારીઓમાં ચિંતા વ્યાપી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે દર વર્ષે આ સમસ્યા સર્જાય છે.

## ખેરગામ તાલુકાના 4 માર્ગો પર પાણી ફરી વળતા બંધ કરાયા

**24 કલાકમાં** 6.12 ઈંચ વરસાદ, ગરડિયાનો લો લેવલ બ્રીજ પાણીમાં ગરકાવ



ખેરગામઃ ખેરગામ તાલુકાના ૪ માર્ગો ઉપર પાણી ફરી વળતા વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. ખેરગામ તાલુકામાંથી પસાર થતી ઔરંગા, તાન માન સહિતની લોકમતાઓમાં ચાલુ સીઝને પ્રથમ વાર ઘોડાપૂરની પરિસ્થિતિ સર્જાવા પામી છે.

ખેરગામ તાલુકામાં મંગળવારે સાંજે ચાર વાગ્યા સુધીના 24 કલાકમાં ૧૫૩ મીમી (૬.૧૨ ઈંચ) અને સિઝનનો કુલ ૨૫.૯૬ ઈંચ થયો છે. ભારે વરસાદને બદલે તાલુકાના ૪ માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. તેમાં પણ ઔરંગા નદીના બહેજ કૃતિ ખડક અને નાંધઈ ગરગડિયાનો લો લેવલ બ્રિજ ચાલુ સીઝને પ્રથમ વાર પાણીમાં ગરકાવ થતા વાહનવ્યવહાર માટે બંધ કરાયો હતો. ખેરગામ તાલુકા અને વલસાડ તાલુકા વચ્ચેનો વાહનવ્યવહાર બંધ થતા વાહનચાલકોએ ધરમપુર થઈને લાંબો ચકરાવા લઈ પોતાની મંજિલે પહોંચવાની નોબત આવી છે.

ખેરગામ તાલુકાના (૧) ચિમનપાડા મરાઘમાળ રોડ, (૨) નંધાઈ વેદાશ્રમ થી ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, (૩) ખેરગામ પીઠા રોડ અને (૪) બહેજ કૃતિખડક રોડ વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા.

## ચીખલી પંથકમાં 24 કલાકમાં 6 ઇંચ વરસાદ, 15 ઘરમાં પાણી ઘૂસ્યાં

### સીમલક-પરથાણ માર્ગ પાણીમાં ગરકાવ, વાહન વ્યવહાર માટે બંધ કરાયો



નવસારીઃ જલાલપોર તાલુકામાં સતત વરસાદને કારણે સીમલક ગામના મહાદેવજી ફળિયાથી નહેર માર્ગે પરથાણ ગામને જોડતો આંતરિક માર્ગ પાણીમાં ગરકાવ થતાં તાત્કાલિક અસરથી અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે.

ઘેજઃ ચીખલી પંથકમાં વીતેલા ચોવીસ કલાકમાં ૬.૦૮ ઈંચ વરસાદ વરસ્યો હતો. ચિખલી ઉપરાંત ઉપરવાસમાં પણ સતત વરસાદને પગલે તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી, ખરેરા સહિતની લોકમાતાઓમાં પૂરની સ્થિતિ જોવા મળી હતી. તાલુકામાં ૧૩ માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો.

ચીખલીમાંથી પસાર થતી કાવેરી નદી તેર ફૂટની સપાટી વટાવવા સાથે જૂનો લો લેવલ પુલ પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આ સાથે સપાટીમાં વધારો થઈ રહ્યો હતો અને નદીમાં બિરાજમાન તડકેશ્વર મહાદેવજીને પણ સ્વયંભૂ જળાભિષેક થયો હતો. આ ઉપરાંત તાલુકામાંથી વહેતી વાડ ખાડી, મરકી ખાડી, નીરજખાડી , કુગરી ખાડી, પનિહારી ખાડી, નાવણી નદી સહિતના સ્થાનિક કોતરોમાં પણ પાણીનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો અને જેને પગલે ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર માર્ગો પર પાણી ભરાતા તાલુકાના ૧૩ જેટલા માર્ગો પર વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. ચિખલીમાં નેશનલ હાઇવેના આલીપોર, સમરોલી, મજીગામના ઓવરબ્રિજ સ્થિત સર્વિસ રોડ પર પણ પાણી ભરાતા વાહન ચાલકોએ મુશ્કેલી વેઠવાની નોબત આવી હતી. કુકેરી ગામમાં શાંતાબા સ્કૂલ આગળ નવાનગર સ્થિત આંગણવાડી પાસે પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. તાલુકામાં સાંજે છ વાગ્યે પૂરા થતા ચોવીસ કલાકમાં ૬.૦૮ ઈંચ સાથે સીઝનનો કુલ ૩૬.૧૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.

ચીખલી તાલુકાના છેવાડાના સારવણી ગામમાં ગીતવની નદી પરનો ચેકડેમ પૂરના પાણીમાં ગરકાવ થતા નદી મહોલ્લાના લોકો સંપર્ક વિહોણા થયા હતા. સારવણીમાં બીડ ફળિયા અને ફનસપાડા જતા માર્ગ પર પણ પાણી ફરી વળ્યા હતા, મોડી સાંજે નેશનલ હાઇવે પર સૂંઠવાડ પાટિયા પાસે પાણી ભરાતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. ચીખલી તાલુકાના નોગામા ગામે તળાવ ઉભરાતા અને સ્થાનિક કોતરમાં પૂર આવતા ભૂરી ફળિયામાં ૧૫ જેટલા ઘરોમાં પાણી ભરાઈ જતા તંત્ર દ્વારા તમામને સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ ઉપરાંત ખારેલ રાનકુવા માર્ગ પર ટાંકલ ચોકડી પાસે ઘૂંટણસમા પાણી ભરાતા વાહન વ્યવહારને અસર થઈ હતી.